# ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા
# કચ્છ યુનિવર્સિટી

યુનિવર્સિટી કેમ્પસ, મુન્દ્રા રોડ, ભૂજ–કચ્છ – ૩૭૦૦૦૧ ફોન (૦૨૮૩૨) ૨૩૫૦૦૨

Email:- registrar.kskvku@gmail.com web:kskvku.digitaluniversity.ac


રેફ.નં.: કયુ/ ઈ.સી.–મિનીટ્સ/ ૨૦૨૩/ તા:– ૧૩/૦૬/૨૦૨૩

પ્રતિશ્રી,

તમામ એકિઝકયુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓ,
કચ્છ યુનિવર્સિટી, ભૂજ–કચ્છ.

વિષય :– એકિઝકયુટીવ કાઉન્સિલની તા.૧૨/૦૬/૨૦૨૩ ના રોજ મળેલ મિટીગની મિનિટ્સ નોંધ મોકલવા બાબત.

માનનીયશ્રી,

સવિનય ઉપરોકત વિષયે જણાવવાનું કે, એકિઝકયુટીવ કાઉન્સિલની માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને તા.૧૨/૦૬/૨૦૨૩ સોમવારના રોજ ૧૦:૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ મિટીગની મિનિટ્સ નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે. જે આપના ધ્યાને લેવા વિનંતી.

આભાર સહ

કુલસચિવ

બિડાણ :– તા.૧૨/૦૬/૨૦૨૩ના રોજ મળેલ મિટીગની મિનિટ્સ નોંધ

નકલ રવાના જાણ અર્થે:–
૧. માનનીય કુલપતિશ્રીના કાર્યાલય તરફ

નકલ રવાના :–
૧. સંબંધિત વિભાગો તરફ યોગ્ય કાર્યવાહિ અર્થે..
૨. સંબંધિત ફાઈલે.

## ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા
# કચ્છ યુનિવર્સિટી

તા.૧૨/૦૬/૨૦૨૩ સોમવારના રોજ સવારે ૧૦:૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એકિઝકયુટીવ કાઉન્સિલની મિટીગની મિનિટ્સ નોંધ

આજ રોજ તા.૧૨/૦૬/૨૦૨૩ સોમવારના સવારે ૧૦:૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે માનનીય કા.કુલપતિશ્રીની અધ્યક્ષતામાં એકિઝકયુટીવ કાઉન્સિલની મિટીગ મળેલ જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હોદ્દો | હાજર/ ગેર હાજર |
|---|---|---|---|
| ૧. | પ્રો.(ડૉ) પી. એસ. હિરાણી<br>માનનીય કા.કુલપતિશ્રી<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | અધ્યક્ષશ્રી | હાજર |
| ૨. | ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન<br>ગુજરાત રાજય, ગાંધીનગર | સભ્યશ્રી | ગેર હાજર |
| ૩. | ડાયરેકટર ઓફ ટેકનિકલ એજયુકેશન<br>ગુજરાત રાજય, ગાંધીનગર | સભ્યશ્રી | ગેર હાજર |
| ૪. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજયુકેશન<br>ગુજરાત રાજય, ગાંધીનગર | સભ્યશ્રી | ગેર હાજર |
| ૫. | પ્રો.(ડૉ) પી. એસ. હિરાણી<br>ડીનશ્રી, ફેકલ્ટી ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | – |
| ૬. | **ખાલી**<br>ડીનશ્રી, ..............<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | – |
| ૭. | ડૉ. સી. એસ. ઝાલા<br>આચાર્યશ્રી,<br>આર. આર. લાલન કોલેજ,ભૂજ | સભ્યશ્રી | હાજર |

| | | | |
|---|---|---|---|
| ૮. | ડૉ. પરેશ રાવલ<br>આચાર્યશ્રી,<br>સરકારી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ,રાપર | સભ્યશ્રી | હાજર |
| ૯. | પ્રો.(ડૉ) દર્શનાબેન ધોળકિયા<br>પ્રોફેસર, ગુજરાતી વિભાગ<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | હાજર |
| ૧૦. | ડૉ. કાશ્મીરાબેન મહેતા<br>એસોસીયેટ પ્રોફેસર, અંગ્રેજી વિભાગ<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | હાજર |
| ૧૧. | **ખાલી**<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ<br>ગુજરાત રાજય, ગાંધીનગર | સભ્યશ્રી | — |
| ૧૨. | **ખાલી**<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ<br>ગુજરાત રાજય, ગાંધીનગર | સભ્યશ્રી | — |
| ૧૩. | ડૉ. જી. એમ. બુટાણી<br>કુલસચિવશ્રી,<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | મેમ્બર સેક્રેટરી | હાજર |

**કાર્યસૂચી :–**

૧. સૌ પ્રથમ નવા સભ્યશ્રીઓનો આવકાર અને મદ્દત પૂર્ણ થતાં અગાઉની એક્ઝિક્યુટી કાઉન્સિલના સર્વે સભ્યશ્રીઓનો આભાર પ્રસ્તાવ.

**માનનીય અધ્યક્ષશ્રી ડૉ. પી. એસ. હિરાણીએ નવરચિત એક્ઝિક્યુટીવ કાઉન્સિલની આ પ્રથમ મિટીંગમાં સર્વે સભ્યશ્રીઓને આવકાર્યા અને ત્યાર બાદ અગાઉની એક્ઝિક્યુટી કાઉન્સિલના સર્વે સભ્યશ્રીઓનો આભારમાની આભાર પ્રસ્તાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો.**

૨. ગત એક્ઝિક્યુટીવ કાઉન્સિલની તા.૨૮/૯/૨૦૨૨ ના રોજ મળેલ મિટીંગની મિનિટ્સને બહાલી.

**ઠરાવ :– ૧ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની તા.૨૮/૯/૨૦૨૨ ના રોજ મળેલ મિટીંગની મિનિટ્સને સર્વાનુમતે બહાલ રાખવામાં આવી.**

૩. તા.૨૮/૩/૨૦૨૩ થી તા.૨૭/૩/૨૦૨૬ના સમયગાળા માટે સત્તામંડળની રચના કરવાની થતી હોઈ આ સમયગાળા માટે રચવામાં આવેલ મંડળોને મંજૂરી તથા બહાલી.

– એકેડેમિક કાઉન્સિલ
– બોર્ડ ઓફ સ્ટડી
– વિદ્યાશાખા

– બી.યુ.ટી.આર.
– જુદી–જુદી સમિતિઓ (નાણાં, ખરીદ, બાંધકામ અને લાયબ્રેરી)
– જુદા–જુદા સેલ

**ઠરાવ :–૨** **તા.૨૮/૩/૨૦૨૩ થી તા.૨૭/૩/૨૦૨૬ના સમયગાળા માટે સત્તામંડળની રચના અગાઉના માનનીય કુલપતિશ્રી મારફતે કરવામાં આવેલ છે. રચવામાં આવેલ તમામ મંડળોને એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સર્વે સભ્યશ્રીઓ દ્વારા સર્વાનુમતે મંજૂર કરવામાં આવે છે અને બહાલ રાખવાનું ઠરાવવામાં આવે છે.**

**વધુમાં જુદા – જુદા સેલની રચના કરવામાં આવેલ છે તેમાં મુદ્દત પૂર્ણ થયેલ કો–ઓર્ડિનેટરશ્રીએ તમામ દફતર નિયત સમય મર્યાદામાં હસ્તાંતરીત કરવાનું રહેશે.**

૪. જોગવાઈઓને આધિન રચવામાં આવેલ બાંધકામ, ખરીદ, નાણાં, લાયબ્રેરી જેવી જુદી–જુદી સમિતિઓમાં એક્ઝિક્યુટીવ કાઉન્સિલ દ્વારા મુકવાના થતાં નામ/ નોમિનેશન.

**ઠરાવ :–૩** **સર્વાનુમતે નીચે મુજબના નામોનું નોમિનેશન એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સર્વે સભ્યશ્રીઓ દ્વારા કરવામાં આવે છે.**

| ક્રમ | સમિતિનું નામ | એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સર્વે સભ્યશ્રીઓ દ્વારા કરાયેલ નોમિનેશન | |
|---|---|---|---|
| ૧. | નાંણા સમિતિ | ૧. | ખાલી |
| ૨. | ખરીદ સમિતિ | ૧. | ડૉ. પરેશ રાવલ |
| | | ૨. | ડૉ. કાશ્મીરાબેન મહેતા |
| | | ૩. | ખાલી |
| ૩. | બિલ્ડીગ | ૧. | ડૉ. સી. એસ. ઝાલા |
| | | ૨. | શ્રી પ્રવિણભાઈ પિંડોરીયા |
| | | ૩. | ખાલી |
| ૪. | લાયબ્રેરી | ૧. | ડૉ. દર્શનાબેન ધોળકિયા |
| | | ૨. | ડૉ. કાશ્મીરાબેન મહેતા |
| | | ૩. | ખાલી |

૫. શ્રી માધવેન્દ્ર વિનોદરાય કાચા ગ્રેજ્યુટી મેળવવા માટે કોર્ટમાં ગયેલ જેનો ચૂકાદો આ સાથે સામેલ રાખેલ છે. નામદાર કોર્ટ શ્રી કાચાને રૂા. ૧,૯૭,૩૦૮/– + તે રકમનું ૧૦ % લેખે સાદુ વ્યાજ દિવસ–૩૦ માં ચૂકવવાનો આદેશ કરેલ છે એ અંગે.

**ઠરાવ:–૪** **નામદાર કોર્ટના આદેસાનુસાર નિયત સમય મર્યાદામાં ચૂકવણું કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.**

૬. સમાજશાસ્ત્રની તપાસ સમિતિનો અહેવાલ. (સીલ બંધ કવરમાં– કુલસચિવશ્રી હસ્તક)

**ઠરાવ:–૫** **સમાજશાસ્ત્રની તપાસ સમિતિનો અહેવાલ સર્વે સભ્યશ્રીઓની હાજરીમાં ખોલવામાં આવ્યો. સમિતિએ તેમના અહેવાલ મુજબ સંબંધિત પ્રાધ્યાપકની ભૂલ હોવાનું જણાવેલ છે. યુનિવર્સિટીની જોગવાઈઓ અનુસાર આ બાબતે સંબંધિત પ્રાધ્યાપકને સજાના ભાગરૂપ પરીક્ષા સંબંધિત તમામ કામગીરીથી બે વર્ષ માટે બાકાત રાખવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. સબંધિત પ્રાધ્યાપક**

**મારફતે જોવાયેલ પેપરો (પેપર નં.:૫૧૧ તથા ૫૧૨)ના પુન:મુલ્યાંકનના નિયમ મુજબ માર્કસને સુધારી તે રીતે નવું પરિણામ જાહેર કરવાની મંજૂરી આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. તથા ઈ.સી. ભલામણ કરે છે કે પરીક્ષા સંબંધિત નિયમો માટેની પુન: સમીક્ષા કરવા નીચે મુજબના સભ્યશ્રીઓની એક સમિતિની રચના કરવામાં આવે છે. સમિતિએ તેમનો અહેવાલ ત્રણ માસમાં પરીક્ષા કાર્યવાહી પહેલા જમા કરાવવાનો રહેશે.**

**સમિતિ :–**

| | | |
|---|---|---|
| **૧.** | **ડૉ. સી. એસ. ઝાલા**<br>**આચાર્યશ્રી, આર. આર. લાલન કોલેજ** | **– અધ્યક્ષશ્રી** |
| **૨.** | **ડૉ. એલ.વી. ફફલ**<br>**એસ.ડી. શેઠિયા બી.એડ. કોલેજ, મુન્દ્રા** | **– સભ્યશ્રી** |
| **૩.** | **શ્રી કે. એમ. પંડયા**<br>**ડી. એલ. લૉ કોલેજ,ભૂજ** | **– સભ્યશ્રી** |
| **૪.** | **ડૉ. અનિલ ગોર**<br>**આર. આર. લાલન કોલેજ, ભૂજ.** | **– સભ્યશ્રી** |

૭. ગુજરાત બાર કાઉન્સિલ મારફતે વેરિફિકેશન માટે આવતા ડોકયુમેન્ટસની ફી ન લેવાનો નામદાર હાઈકોર્ટનો ચૂકાદો છે. જે આ સાથે સામેલ રાખેલ છે. નામદાર હોઈકોર્ટના આદેશનો અમલ કરવા બાબત.

ઠરાવ:– ૬ **ગુજરાત બાર કાઉન્સિલની રજૂઆત તથા નામદાર હોઈકોર્ટના ચૂકાદાનો અમલ કરવો અને વેરિફીકેશન ફી માફ કરવાની આગળની કાર્યવાહિ કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.**

૮. શૈક્ષણિક વર્ષ ૨૦૨૩ – ૨૪ માટે નીચે મુજબ સંસ્થાઓ માટે થયેલ નીડ કમિટીના અહેવાલને બહાલ રાખવા અંગે.

| **ક્રમ** | **ટ્રસ્ટ / સંસ્થાનું નામ** | **અભ્યાસક્રમ** | **જોડાણ અરજીની પ્રકાર** | **રીમાર્કસ** |
|---|---|---|---|---|
| ૧ | શ્રીમતી પુનઈબેન લઘુભાઈ વીશા – ઓસવાળ, જૈન કન્યા છાત્રાલય(લાકડીયા), લાકડીયા–કચ્છ. | બી.એ. અને બી.કોમ. | નવું જોડાણ | |
| ૨. | અદાણી એજયુકેશન એન્ડ રીસર્ચ ફાઉન્ડેશન સંચાલિત, ગુજરાત અદાણી ઈન્સ્ટીટયૂટ ઓફ મેડીકલ સાયન્સીસ,ભુજ – કચ્છ. | એ.ડી. – ઈમરજન્સી મેડીસીન | નવું વધારાનું અભ્યાસક્રમ | |
| ૩. | શ્રી કચ્છ પાટણ પ્રાથરિયા આહિર સમાજ, રાતાતળાવ, અંજાર – કચ્છ | બી.એ. અને બી.કોમ. | નવું જોડાણ | |

| | | | | |
|---|---|---|---|---|
| ૪. | બી.એમ.સી.બી. ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત બી.એમ.સી.બી. કોલેજ,માધાપર, તા. ભુજ – કચ્છ. | બી.બી.એ. | નવું જોડાણ | |

**ઠરાવઃ– ૭** **ઉપરોક્ત નીડ કમિટીના અહેવાલને સર્વાનુમતે બહાલ રાખવાનું ઠરાવવામાં આવે છે.**

૯. શૈક્ષણિક વર્ષ ૨૦૨૨ – ૨૩ નીચે દર્શાવ્યા મુજબના અભ્યાસક્રમો શરૂ કરવા અંગેની સૈધ્ધાંતિક પૂર્વ મંજૂરી ઈ.સી.ની મંજૂરીની અપેક્ષાએ માનનીય કુલપતિશ્રીના મળેલ આદેશ મુજબ દરખાસ્ત કરવામાં આવેલ હતી જે બહાલ રાખવા અંગે.

| **ક્રમ** | **ટ્રસ્ટ / સંસ્થાનું નામ** | **અભ્યાસક્રમ** | **જોડાણ અરજીની પ્રકાર** | **રીમાર્કર્સ** |
|---|---|---|---|---|
| ૧. | અદાણી એજ્યુકેશન એન્ડ રીસર્ચ ફાઉન્ડેશન સંચાલિત, ગુજરાત અદાણી ઈન્સ્ટીટયૂટ ઓફ મેડીકલ સાયન્સીસ,ભુજ – કચ્છ. | એ.ડી. – સાયકાયટ્રી | નવું વધારાનું અભ્યાસક્રમ | |
| ૨. | અદાણી એજ્યુકેશન એન્ડ રીસર્ચ ફાઉન્ડેશન સંચાલિત, ગુજરાત અદાણી ઈન્સ્ટીટયૂટ ઓફ મેડીકલ સાયન્સીસ,ભુજ – કચ્છ. | D.R.I.T. | નવું વધારાનું અભ્યાસક્રમ | |
| ૩. | અદાણી એજ્યુકેશન એન્ડ રીસર્ચ ફાઉન્ડેશન સંચાલિત, ગુજરાત અદાણી ઈન્સ્ટીટયૂટ ઓફ મેડીકલ સાયન્સીસ,ભુજ – કચ્છ. | D.R.D.T. | નવું વધારાનું અભ્યાસક્રમ | |

**ઠરાવઃ– ૮** **માનનીય કુલપતિશ્રી દ્વારા કરવામાં આવેલ દરખાસ્ત સર્વાનુમતે બહાલ રાખવાનું ઠરાવવામાં આવે છે.**

૧૦. શૈક્ષણિક વર્ષ ૨૦૨૩ – ૨૪ નીચે દર્શાવ્યા મુજબના અભ્યાસક્રમો શરૂ કરવા અંગેની સૈધ્ધાંતિક પૂર્વ મંજૂરી ઈ.સી.ની મંજૂરીની અપેક્ષાએ માનનીય કુલપતિશ્રીના મળેલ આદેશ મુજબ દરખાસ્ત કરવામાં આવેલ હતી જે બહાલ રાખવા અંગે.

| **ક્રમ** | **ટ્રસ્ટ / સંસ્થાનું નામ** | **અભ્યાસક્રમ** | **જોડાણ અરજીની પ્રકાર** | **રીમાર્કર્સ** |
|---|---|---|---|---|
| ૧ | શ્રીમતી પુનઈબેન લઘુભાઈ વીશા – ઓસવાળ, જૈન કન્યા છાત્રાલય(લાકડીયા) સંચાલિત માતૃશ્રી પાર્વતીબેન દામજીભાઈ ખેરાજ છાડવા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, લાકડિયા– ભચાઉ | બી.એ. અને બી.કોમ. | નવું જોડાણ | |

| | | | | |
|---|---|---|---|---|
| ૨. | અદાણી એજ્યુકેશન એન્ડ રીસર્ચ ફાઉન્ડેશન સંચાલિત, ગુજરાત અદાણી ઈન્સ્ટીટયૂટ ઓફ મેડીકલ સાયન્સીસ,ભુજ – કચ્છ. | એ.ડી. – ઈમરજન્સી મેડીસીન | નવું વધારાનું અભ્યાસક્રમ | |
| ૩. | અદાણી એજ્યુકેશન એન્ડ રીસર્ચ ફાઉન્ડેશન સંચાલિત, ગુજરાત અદાણી ઈન્સ્ટીટયૂટ ઓફ મેડીકલ સાયન્સીસ,ભુજ – કચ્છ. | D.C.D | નવું વધારાનું અભ્યાસક્રમ | |
| ૪. | અદાણી એજ્યુકેશન એન્ડ રીસર્ચ ફાઉન્ડેશન સંચાલિત, ગુજરાત અદાણી ઈન્સ્ટીટયૂટ ઓફ મેડીકલ સાયન્સીસ,ભુજ – કચ્છ. | D.O.T.T. | નવું વધારાનું અભ્યાસક્રમ | |
| ૫. | બી.એમ.સી.બી. ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત બી.એમ.સી.બી. કોલેજ,માધાપર, તા. ભુજ – કચ્છ. | બી.બી.એ. | નવું જોડાણ | |

**ઠરાવઃ– ૯** **માનનીય કુલપતિશ્રી દ્વારા કરવામાં આવેલ દરખાસ્ત સર્વાનુમતે બહાલ રાખવાનું ઠરાવવામાં આવે છે.**

૧૧. કચ્છ યુનિવર્સિટી સાથે શૈક્ષણિક વર્ષ ૨૦૨૪ – ૨૫ સંલગ્ન નવા અભ્યાસક્રમો શરૂ કરવા નીડ કમિટિની રચાના કરવા અંગે.

**ઠરાવઃ– ૧૦** **શૈક્ષણિક વર્ષ ૨૦૨૪ – ૨૫ માં સંલગ્ન નવા અભ્યાસક્રમો શરૂ કરવા માનનીય કુલપતિશ્રીને નીડ કમિટિ રચવાની સત્તા આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

૧૨. એચ.જે.ડી. ઈન્સ્ટીટયૂટ ખાતે ચાલતા બી.એસસી. અને બી.કોમ. ના અભ્યાસક્રમો તથા કોલેજનું જોડાણ શૈક્ષણિક વર્ષ ૨૦૨૪ – ૨૫ થી બંધ કરવા અંગે.

**ઠરાવઃ– ૧૧** **એચ.જે.ડી. ઈન્સ્ટીટયૂટ ખાતે ચાલતા બી.એસસી. અને બી.કોમ. ના અભ્યાસક્રમો તથા કોલેજનું જોડાણ શૈક્ષણિક વર્ષ ૨૦૨૪ – ૨૫ થી બંધ કરવાની દરખાસ્ત માટે એલ.આઈ.સી.કમિટિ મોકલવનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.**

૧૩. શૈક્ષણિક વર્ષ ૨૦૨૪ – ૨૫ માટે નવા /ચાલુ / વધારાના / કાયમી જોડાણ અંગે એલ.આઈ.સી.ની નિમણુંક કરવા અંગે.

**ઠરાવઃ– ૧૨** **માનનીય કુલપતિશ્રીને શૈક્ષણિક વર્ષ ૨૦૨૪ – ૨૫ માટે નવા /ચાલુ / વધારાના / કાયમી જોડાણ અંગે એલ.આઈ.સી.ની નિમણુંકની સત્તા આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

૧૪. પૂરક પરીક્ષા લેવા બાબત. (યુ.જી. સેમેસ્ટર ૫ અને ૬)

**ઠરાવઃ– ૧૩** **વિદ્યાર્થીના આવેલ આવેદન પત્ર અને માંગણીને ધ્યાને લેતાં ચાલુ વર્ષે યુ.જી. સેમેસ્ટર ૫ અને ૬ ના વિદ્યાર્થીઓની અગાઉના નિયમોનુસાર પૂરક પરીક્ષા લેવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.**

૧૫. તા.૩૦/૦૪/૨૦૨૨,તા.૦૩/૦૬/૨૦૨૨ અને તા ૦૪/૦૮/૨૦૨૨ના રોજ યોજાયેલ ખરીદ સમિતિની તથા તા.૦૧/૦૮/૨૦૨૨ ના યોજાયેલ બિલ્ડીગ સમિતિની મિનિટ્સ અને તા.૧૫/૦૯/૨૦૨૨ના યોજાયેલ નાણાં સમિતીની મીનીટ્સની બહાલી આપવા બાબત.(Annexure-1 to 5)

**ઠરાવઃ– ૧૪ સર્વાનુમતે બહાલ રાખવાનું ઠરાવવામાં આવે છે.**

૧૬. તા.૧૮/૧૦/૨૦૨૨,તા.૨૧/૧૨/૨૦૨૨,તા.૨૬/૧૨/૨૦૨૨ અને તા.૨૪/૦૩/૨૦૨૩નારોજ યોજાયેલ બિલ્ડીગ અને નાણાં સમિતિની સંયુકત મીટીગની મિનિટ્સની બહાલી આપવા બાબત.(Annexure-6 to 9)

**ઠરાવઃ– ૧૫ સર્વાનુમતે બહાલ રાખવાનું ઠરાવવામાં આવે છે.**

૧૭. તા.૨૧/૦૨/૨૦૨૩ અને ૨૩/૦૨/૨૦૨૩ ના રોજ યોજાયેલ ખરીદ અને નાણાં સમિતિની સંયુકત મીટીગની મિનિટ્સની બહાલી આપવા બાબત.(Annexure-10 to 11)

**ઠરાવઃ– ૧૬ સર્વાનુમતે બહાલ રાખવાનું ઠરાવવામાં આવે છે.**

૧૮. કચ્છ યુનિવર્સિટીને EDN-30 નવા બાંધકામ માટેની યોજના અન્વયે શિક્ષણ વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૨–૨૩માં નીચેની વિગતે કામો મંજુર થયેલ છે.જેની આગળની કાર્યવાહી હાથ ધરવા બાબતે.(Annexure-12)

| ક્રમ | કામનું નામ/વિગત | મંજુરીનું વર્ષ | મંજુર બજેટ (લાખ) | પ્રથમ હપ્તામાં ફાળવેલ રકમ |
|---|---|---|---|---|
| ૧ | ઓડિટોરીયમ (Phase-II) | ૨૦૨૨–૨૩ | ૬૦૦ લાખ | ૨૦૦ લાખ |
| ૨ | મલ્ટીપલ બિલ્ડીગ ફોર પી.જી.સેન્ટર (ઈતિહાસ,એમ.પી.એ.,હિન્દી,લો વગેરે વિભાગ માટે નવું બિલ્ડીગ બનાવવાની કામગીરી) | ૨૦૨૨–૨૩ | ૫૦૦ લાખ | ૧૮૭.૨૨ લાખ |
| **કુલ રકમ** | | | **૧૧૦૦ લાખ** | **૩૮૭.૨૨ લાખ** |

**ઠરાવઃ– ૧૭ આગળની યોગ્ય કાર્યવાહી હાથ ધરવા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

૧૯. ઈતિહાસ વિષય અનુસ્નાતક કક્ષાએ શરૂ કરવા બાબત.

**ઠરાવ:– ૧૮** **સ્વ નિર્ભરણ ધોરણે ચાલુ શૈક્ષણિક વર્ષથી ઈતિહાસ વિષય અનુસ્નાતક કક્ષાએ શરૂ કરવા મંજૂરી અને બહાલી સર્વાનુમતે આપવામાં આવે છે.**

૨૦. અધ્યક્ષ સ્થાનેથી અન્ય મુદ્દા રજૂ થાય તે..

૧. નેશનલ એજ્યુકેશન પોલિસી માટે વેલ્યુ એડેડ કોર્ષની કમિટી બનાવવા બાબત.

**ઠરાવ :– ૧૯** **નેશનલ એજ્યુકેશન પોલિસી માટે વેલ્યુ એડેડ અને સ્કીલ બેઝ કોર્ષની બહાલી માટે બનાવેલી કમિટીને સર્વાનુમતે બહાલ કરવામાં આવે છે.**

૨. એક્સ્ટ્રા મ્યુરલ સ્ટડીઝ કમિટિની રચના કરવા બાબત

**ઠરાવ :– ૨૦** **એક્સ્ટ્રા મ્યુરલ સ્ટડીઝ કમિટિની રચના કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ. યુનિવર્સિટી તથા સંલગ્ન કોલેજોમાં ચાલતાં તમામ સર્ટીફિકેટ કોર્ષની મંજૂરી આ કમિટી પાસેથી લેવાની રહેશે. ત્યાર બાદ અમલમાં મુકવાનો રહેશે. કમિટિના અધ્યક્ષ સ્થાને ડૉ. સી. એસ. ઝાલ, આચાર્યશ્રી, આર. આર. લાલન કોલેજ રહેશે. કમિટિમાં અન્ય સભ્યશ્રીઓની નિમણૂંક કરવાની સત્તા તેઓશ્રીને આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. હોદ્દાની રૂએ કુલસચિવશ્રી કમિટિના મેમ્બર સેક્રેટરી રહેશે.**

૩. પરીક્ષા વિભાગમાં ગોપનીય કામગીરી કરનાર કર્મચારીઓને વધારાનું ભથ્થુ આપવા બાબત.

**ઠરાવ :– ૨૧** **પરીક્ષા વિભાગમાં પરીક્ષા સંબંધિ ગોપનીય કામગીરી કરતા કર્મચારીઓ પૈકી કાયમી/ રેગ્યુલર કર્મચારીને ૧૦% વધારાનું મહેનતાણું મળે છે. તે મુજબ પરીક્ષા સંબંધિ ગોપનીય કામ કરતા અન્ય સ્વ નિર્ભર કર્મચારીઓને પણ તેમને મળતા કુલ્લ પગારના ૧૦% વધારાનું મહેનતાણું જૂન–૨૦૨૩થી ચૂકવવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

૪. કુલસચિવશ્રીના કાર્યાલયમાં ફરજ બજાવતા કર્મચારીને વધારાનું ભથ્થું ચૂકવવા બાબત

**ઠરાવ:– ૨૨** **કુલસચિવશ્રીના કાર્યાલયમાં કામગીરી સંભાળતા ક્લાર્કને વધારે સમય રોકાવાનું હોય છે. માનનીય કુલપતિશ્રીના કાર્યાલયમાં પી.એ.ની કામગીરી સંભાળતા ક્લાર્કને વધારાનું મહેનતાણું ચૂકવવામાં આવે છે તે મુજબ કુલસચિશ્રીના કાર્યાલયમાં તે કામગીરી સંભાળતા કર્મચારીને રૂા.૧૦૦૦/– વધારાનું મહેનતાણું જૂન –૨૦૨૩ થી ચૂકવવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

અન્ય કોઈ મુદ્દો ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે આ મિટીગ પૂર્ણ જાહેર કરવામાં આવી.

**કુલસચિવ**